**રોજગાર અને તાલીમ કમિશનરની કચેરી, બ્લોક નં.૧, ત્રીજો માળ,**
**ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.**
**૧૦૫૪ સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ-૩ ની ભરતી અંગેની જાહેરાત. વર્ષ- ૨૦૧૩**

રોજગાર અને તાલીમ કમિશનરની કચેરી, ગાંધીનગર હસ્તકની રાજયની સરકારી ઔધોગિક તાલીમ સંસ્થાઓમાં સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ-૩ની અંદાજે ૧૦૫૪ જગ્યાઓ માટે નીચે જણાવેલ લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી નિયત નમુનામાં ઓન લાઇન અરજીઓ મંગાવવામાં આવે છે. આ માટે ઉમેદવારે અરજી તા.૨૫/૧૦/૨૦૧૩ (૧૪.૦૦કલાક) થી તા.૨૬/૧૧/૨૦૧૩(રાત્રિના ૨૩.૫૯ કલાક) દરમ્યાન ***http://ojas.guj.nic.in*** અથવા ***http://ojas1.guj.nic.in*** વેબસાઇટ ઉપર મુકવામાં આવેલ સુચના મુજબ ફકત ઓન લાઇન કરવાની રહેશે. ઉમેદવારનો તાજેતરનો પાસપોર્ટ સાઇઝનો ફોટોગ્રાફ (૧૫ K.B.) અને સહીનો નમુનો (૧૫ K.B.) સાઇઝથી વધે નહીં તે રીતે JPG ફોર્મેટમાં સ્કેન કરી ઓનલાઇન અરજીમાં અપલોડ કરવાનો રહેશે. ઉમેદવારે પોતાના બધાજ શૈક્ષણિક લાયકાત, અનુભવ, વય અને જાતિના પ્રમાણપત્રો પોતાની પાસે રાખવાના રહેશે અને અરજીપત્રકમાં તે મુજબની વિગતો ભરવાની રહેશે.

**ભરવાપાત્ર જગ્યાના સંદર્ભે અનામતની ટકાવારી મુજબ જાતિવાર ભરવાની થતી જગ્યાઓઃ**

| ક્રમ | ગૃપનું નામ (સુપરવાઇઝર ઇનસ્ટ્રકટર) | કૂલ જગ્યા (TOTAL) | બિન અનામ (OPEN) | અનુ. જાતિ (SC) | અનુ. જન જાતિ (ST) | સા.શૈ.પ. વર્ગ (SEBC) | વિકલાંગ માટેની જગ્યા ઓ (PH) |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ઓટોમોબાઇલ | **૨૬૮** | ૧૩૬ | ૧૯ | ૪૦ | ૭૩ | ૦૮ |
| ૨ | કેમીકલ | ૦૩૫ | ૦૧૯ | ૦૨ | ૦૫ | ૦૯ | ૦૧ |
| ૩ | કોમ્પ્યુટર | ૦૫૦ | ૦૨૬ | ૦૩ | ૦૮ | ૧૩ | ૦૨ |
| ૪ | ઇલેકટ્રીકલ | ૩૨૫ | ૧૬૫ | ૨૩ | ૪૯ | ૮૮ | ૧૦ |
| ૫ | ઇલેકટ્રોનીકસ | ૦૫૦ | ૦૨૬ | ૦૩ | ૦૮ | ૧૩ | ૦૨ |
| ૬ | ગારમેન્ટ્સ | ૦૧૫ | ૦૦૮ | ૦૧ | ૦૨ | ૦૪ | ૦૦ |
| ૭ | મેથ્સ-ડ્રોઇંગ | ૦૯૧ | ૦૪૬ | ૦૭ | ૧૩ | ૨૫ | ૦૨ |
| ૮ | મીકેનીકલ | ૨૦૦ | ૧૦૨ | ૧૪ | ૩૦ | ૫૪ | ૦૬ |
| ૯ | રેફ્રીજરેશન એન્ડ એરકન્ડીશનીંગ | ૦૨૦ | ૦૧૧ | ૦૧ | ૦૩ | ૦૫ | ૦૦ |
|  | કુલ સરવાળો.. | **૧૦૫૪** | **૫૩૯** | **૭૩** | **૧૫૮** | **૨૮૪** | **૩૧** |

 અનામત જગ્યાઓ ફકત મુળ ગુજરાતના સા.શૈ.પ.વ., અનુસુચિત જાતિ તેમજ અનુસુચિત જન જાતિના ઉમેદવારો માટે જ અનામત છે.
 મહિલાઓ માટે ની જગ્યાઓ ૩૦ ટકા મુજબ અનામત છે. જેને જે તે કેટેગરી સામે સરભર કરાશે. મહિલા ઉમેદવારો માટેની અનામત જગ્યાઓ માટે જો લાયક મહિલા ઉમેદવાર ઉપલબ્ધ નહીં થાય તો તે જગ્યા તે જ કેટેગરીના પુરુષ ઉમેદવારોથી ભરવામાં આવશે.
 માજી સૈનિક માટે કૂલ ભરવાપાત્ર જગ્યાઓનાં ૧૦ ટકા મુજબ જગ્યાઓ અનામત છે. જે જેતે કેટેગરી સામે સરભર કરાશે. માજી સૈનિક માટેની અનામત જગ્યા માટે જો લાયક માજી સૈનિક ના ઉમેદવારો ઉપલબ્ધ ન થાય તો તે જગ્યાઓ જે તે કેટેગરીના અન્ય લાયક ઉમેદવારથી ભરવામાં આવશે.
 શારીરિક ખોડખાંપણવાળા ઉમેદવારોની અનામત જગ્યાઓ ૩ ટકા લેખે જે તે કેટેગરી સામે સમાવેશ કરવામાં આવશે.

**<u>પગારધોરણઃ-</u>**

નાણાં વિભાગનાં તા. ૧૬/૨/૦૬, તા.૧/૮/૨૦૦૬, તા.૨૯/૪/૨૦૧૦ તથા તા.૬/૧૦/૨૦૧૧ ના ઠરાવ અને સામાન્ય વહિવટ વિભાગનાં તા. ૪/૬/૨૦૦૯નાં ઠરાવની જોગવાઇઓને આધીન જે બોલીઓ/શરતો/ નિયમો નકકી કરેલ છે તે તેમજ હવે પછી વખતોવખત સરકારશ્રી ધ્વારા નકકી કરવામાં આવે તે બોલીઓ/શરતો/નિયમો ઉમેદવારને બંધનકર્તા રહેશે. જે જોગવાઇઓ ને આધિન પ્રથમ પાંચ વર્ષ માટે સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ-૩ને રૂ.૯૪૦૦/- ના માસિક ફીકસ પગારથી લાયક ઉમેદવારને અજમાયશી ધોરણે નિમણૂંક આપશે, તે સિવાય અન્ય કોઇ ભથ્થાં કે લાભો મળવાપાત્ર રહેશે નહિ. ત્યારબાદ પાંચ વર્ષ ની સેવાઓ પુરી થયેથી તેમની સેવાઓ નિમણુંક સત્તાધિકારીને સંતોષકારક જણાયે પગાર ધોરણ રૂ. ૫૨૦૦-૨૦૨૦૦, ગ્રેડપે રૂ. ૨૮૦૦/- અથવા સરકારશ્રી દ્વારા જે તે જગ્યા માટે વખતોવખત નિયત કરેલ મળવાપાત્ર પગાર ધોરણમાં નિમણૂંક મેળવવાને પાત્ર ઠરશે.

**<u>રાષ્ટ્રીયતાઃ</u>**- ઉમેદવાર ભારતનો નાગરિક હોવો જોઇએ.

**<u>શૈક્ષણિક લાયકાતઃ</u>**- ઉમેદવાર **A** અને **B** માં દર્શાવ્યા મુજબની શૈક્ષણિક લાયકાત ધરાવતો હોવો જોઇએ.

**(A)** a Degree in Engineering or Technology as shown against each trade/group as shown below obtained from any of the University established or incorporated by or under the Central or State Act in India, or any other educational institution recognized as such or declared to be deemed University under section 3 of the University Grants Commission Act, 1956, or possess an equivalent qualification recognized by the Government; OR

**(B)** a Diploma as shown against each trade/group as shown below obtained from the State Technical Examination Board or any of the University established or incorporated by or under the Central or State Act in India, or any other educational Institution recognized as such or declared as a deemed university under section 3 of the University Grants Commission Act,1956 or accredited by All India Council for Technical Education (AICTE) and have about three year's experience in relevant field
Explanation:- Relevant field means concerned field of Industrial concern/organization/unit or Training/Teaching institute.as may be determined by the Government.

શૈક્ષણિક/ટેકનિકલ લાયકાત સંબંધિત વ્યવસાય પ્રમાણેની જગાને યોગ્ય અને આ નિયમો અંગે નીચે જણાવ્યા મુજબ જગાની સામે દર્શાવ્યા પ્રમાણે રહેશે.

| ક્રમ | ગ્રુપનું નામ (સુપરવાઇઝર ઇન્સ્ટ્રક્ટર) | શૈક્ષણિક લાયકાત |
|---|---|---|
| ૦૧ | ઓટોમોબાઇલ | Degree in<br>1. Automobile Engineering OR<br>2. Mechanical Engineering OR<br>3. Marine Engineering OR<br>Diploma in following discipline with three years' experience in relevant field<br>1. Automobile Engineering OR<br>2. Mechanical Engineering. OR<br>3. Marine Engineering |
| ૦૨ | કેમીકલ | Degree in Chemical Engineering OR<br>Diploma in Chemical Engineering with three years' experience in relevant field |
| ૦૩ | કોમ્પ્યુટર | Degree in<br>1. Computer Engineering OR<br>2. Computer Technology OR<br>3. Computer Science and Engineering OR<br>4. Information Technology OR<br>1. B.Sc. with Information Technology as a principal subject OR<br>2. B. Sc. with Computer Science as a principal subject OR<br>3.Bachelor of Computer Application OR<br>4. M.Sc. (Information Technology) OR<br>5. M.Sc. (Computer application and Information Technology) OR<br>6. M.Sc. (Computer Science) OR<br>7. Master of Computer Application OR<br>Diploma in following discipline with three years relevant experience in Industry OR Institute as a programmer OR developer<br>1. Computer Engineering OR<br>2.Computer Technology OR<br>3. Computer Science and Engineering OR<br>4. Information Technology |

| | | |
|---|---|---|
| ૦૪ | ઇલેકટ્રીકલ | Degree in<br>1. Electrical Engineering OR<br>2. Electrical and Electronics Engineering OR<br>Diploma in following discipline with three years experience in relevant field<br>1. Electrical Engineering OR<br>2 Electrical and Electronics Engineering |
| ૦૫ | ઇલેકટ્રોનિકસ | Degree in<br>1. Electronics Engineering OR<br>2. Electronics and Communication Engineering OR<br>3. Electronics and Telecommunication Engineering OR<br>4. Electrical and Electronics Engineering OR<br>5. Power Electronics Engineering OR<br>Diploma in following discipline with three years experience in relevant field<br>1. Electronics Engineering OR<br>2. Electronics and Radio Engineering OR<br>3. Electronics and Communication Engineering OR<br>4. Electronics, Sound and Television Engineering OR<br>5. Electronics and Telecommunication OR<br>6. Power Electronics Engineering |
| ૦૬ | ગારમેન્ટ્સ | Degree in<br>1. Costume Design OR<br>2. Dress Making OR<br>3. Computer aided Costume Design and Dress Making OR<br>4. Apparel OR<br>5. Fashion Technology OR<br>6. Fashion Design. OR<br>Diploma in following discipline with three year’s experience in relevant field<br>1. Costume Design and Dress Making OR<br>2. Computer aided Costume Design and Dress Making OR<br>3. Apparel OR<br>4. Fashion Technology OR<br>5. Fashion Design. |
| ૦૭ | મેથ્સ-ડ્રોઇંગ | Degree in Engineering in any discipline OR<br>Diploma in Engineering in any discipline with three year’s experience in relevant field. |
| ૦૮ | મીકેનીકલ | Degree in<br>1. Mechanical Engineering OR<br>2. Production Engineering OR<br>Diploma in Mechanical Engineering with three years’ experience in the relevant field. |
| ૦૯ | રેફ્રીજરેશન એન્ડ એરકંડીશનીંગ | Degree in<br>Mechanical Engineering OR Diploma in Mechanical Engineering with three year’s experience in the relevant field. |

- ગુજરાતી/હિન્દી બંને ભાષાનું પુરતું જ્ઞાન ધરાવતો હોવો જોઇએ.

**<u>કોમ્પ્યુટરની જાણકારીઃ-</u>**

ઉમેદવાર રાજય સરકારનાં ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ અન્વયે ઠરાવેલી કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઇશે. સામાન્ય વહીવટ વિભાગના તા. ૧૩/૮/૨૦૦૮ના સરકારી ઠરાવ ક્રમાંકઃ સીઆરઆર-૧૦-૨૦૦૭-૧૨૦૩૨૦-વ.પ થી નકકી કરેલ અભ્યાસક્રમ મુજબ કોમ્પ્યુટર અંગેનું બેઝીક નોલેજ ધરાવતા હોવા અંગેનું કોઇપણ સરકાર માન્ય તાલીમ સંસ્થાનું પ્રમાણપત્ર/માર્કશીટ ધરાવતા હોવા જોઇશે. તથા સરકાર માન્ય યુનિવર્સિટી અથવા સંસ્થામાં કોમ્પ્યુટર જ્ઞાન અંગેના કોઇપણ ડિપ્લોમા અભ્યાસક્રમમાં કોમ્પ્યુટર એક વિષય તરીકે હોય તેવા પ્રમાણપત્રો અથવા ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની પરીક્ષા કોમ્પ્યુટરના વિષય સાથે પસાર કરેલ હોય તેવા

પ્રમાણપત્રો ધરાવતા હોવા જોઇશે. આ તબકકે આ પ્રમાણપત્ર ન ધરાવતા ઉમેદવારો પણ અરજી કરી શકશે. પરંતુ નિમણુંક મેળવતા પહેલાં આ પ્રમાણપત્ર અચૂક રજુ કરવાનું રહેશે. અન્યથા નિમણૂક મેળવવાને પાત્ર ઠરશે નહિ.

<u>વય મર્યાદાઃ-</u>

**જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખે ઉમેદવારની વય ૩૦ વર્ષથી વધુ હોવી જોઇશે નહિ.**

<u>વય મર્યાદામાં છૂટછાટઃ</u>

- મૂળ ગુજરાતના હોય તેવા અનુ.જાતિ, અનુ.જન જાતિ, સામાજીક શૈક્ષણિક રીતે પછાત ઉમેદવારોનાં કિસ્સામાં ઉપલી વયમર્યાદામાં નિયમોનુસાર પાંચ (૫) વર્ષની છુટછાટ આપવામાં આવશે.
- ૪૦ ટકા કે તેથી વધુ અપંગતા ધરાવતા ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં ૧૦ વર્ષની છુટછાટ આપવામાં આવશે.
- સામાન્ય વહિવટ વિભાગનાં તા.૨૨-૫-૧૯૯૭ના ઠરાવની જોગવાઇ મુજબ મહિલા ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં ૦૫ વર્ષની છુટછાટ આપવામાં આવશે. અનામત કેટેગરીના મહીલા અરજદારોને અનામત તરીકે મળતી ઉપલી વયમર્યાદાની છુટછાટ ઉપરાંત મહીલા તરીકેની ૦૫ વર્ષની છુટછાટ આપવામાં આવશે.
- માજી સૈનિક ઉમેદવારો કે જેઓએ જળ,વાયુ અને ભૂમિ આર્મ ફોર્સીસમાં ઓછા માં ઓછા છ (૬) માસની સેવા કરી હોય અને માજી સૈનિક તરીકેનું સક્ષમ અધિકારીનું ઓળખકાર્ડ/પ્રમાણપત્ર ધરાવતાં હોય તો મળવાપાત્ર ઉપલી વય મર્યાદામાં તેઓએ બજાવેલ ફરજનો સમયગાળો ઉપરાંત ત્રણ (૩) વર્ષ સુધીની છુટછાટ મળશે.
- તમામ કેટેગરીના ઉમેદવારોની ઉપલી વય મર્યાદા છુટછાટ સાથેની કોઇપણ સંજોગોમાં નિયત તારીખે ૪૫ વર્ષથી વધવી જોઇશે નહિ.

<u>પસંદગી પ્રક્રિયા</u>

- હેતુલક્ષી પ્રશ્નોવાળી O.M.R. પધ્ધતિથી પરીક્ષા લેવામાં આવશે. પરંતુ ખાતાને યોગ્ય અને જરૂરી લાગશે તો તેમાં જરૂરી ફેરફાર કરી શકશે. અને તેવા સંજોગોમાં તેની જાણ વેબસાઇટ ઉપર કરવામાં આવશે.
- શક્ય ત્યાં સુધી પરીક્ષા સંબંધિત બધીજ સુચનાઓ મોબાઇલ નંબર ઉપર SMS થી આપવામાં આવશે. આથી અરજી પત્રકમાં મોબાઇલ નંબર અવશ્ય દર્શાવવો અને પરીક્ષા પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી તે જાળવી રાખવો જરૂરી છે.
- O.M.R. પધ્ધતિથી લેવાનાર પરીક્ષા આપવી ફરજીયાત છે. અન્યથા જે તે તબક્કે અરજી રદ ગણાશે.

<u>પરીક્ષા ફીઃ-</u>

(૧) બિન અનામત ઉમેદવારો માટે અરજી ફી રૂ.૨૦૦/- + પોષ્ટ ઓફિસ ચાર્જ તથા અનુ.જાતિ, અનુ.જન જાતિ, તથા સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગનાં ઉમેદવારો માટે અરજી ફી રૂ.૧૦૦/- + પોષ્ટ ઓફિસ ચાર્જ ભરવાનો રહેશે.

(૨)ઓનલાઇન અરજી કર્યા બાદ OJAS ની વેબસાઇટ ઉપરથી આપના અરજીપત્રકની સાથે આપેલ પોસ્ટ ઓફીસના ૩(ત્રણ) ચલણની A4 સાઇઝમાં પ્રિન્ટ લઇને તે કોઇપણ કોમ્પ્યુટરાઇઝ્ડ પોષ્ટ ઓફિસમાં રજૂ કરવાથી તેઓ દ્વારા આ ફી સ્વીકારવામાં આવશે.

(૩)આ ત્રણ ચલણ પૈકી એક ચલણ પોષ્ટ ઓફિસ રાખશે અને બીજાંબે સહી/સિક્કા કરી ઉમેદવારને પરત કરશે જે ઉમેદવારે સાચવી રાખી પરીક્ષા સ્થળે અચૂક રજૂ કરવાના રહેશે. જો પરીક્ષા સમયે ઉમેદવાર આ ચલણ રજૂ નહીં કરે તો તેને પરીક્ષામાં બેસવા દેવામાં નહીં આવે.

(૪)પોષ્ટ ઓફિસમાં ફી ભરવાની છેલ્લી તારીખઃ૨૮/૧૧/૨૦૧૩ના પોસ્ટ ઓફિસના કામકાજના સમય સુધી છે.

(૫)ફી ભર્યા બાદ રીફંડ મળવાપાત્ર નથી. તેમજ ફી ભર્યા વગરની અરજી માન્ય રહેશે નહી.

(૬) પરીક્ષા ફી ભરવાથી ઉમેદવારને તેઓ દવારા દર્શાવેલ મોબાઇલ નંબર ઉપર SMS થી ફી ભર્યાની જાણ કરવામાં આવશે જો ઉમેદવારને SMS ન મળે તો તાત્કાલિક ઉમેદવારે જે પોસ્ટ ઓફીસ ખાતે ફી જમા કરાવેલ હોય તે પોસ્ટ ઓફીસનો સંપર્ક કરવાનો રહેશે.

<u>સામાન્ય સુચનાઓઃ-</u>

(૧) સદરહુ ભરતી સંબંધિત તમામ સુચનાઓ/વિગતો વખતોવખત ***www.talimrojagar.org*** અથવા ***http://ojas.guj.nic.in*** અથવા ***http://ojas1.guj.nic.in*** વેબસાઇટ પરથી જોવા મળી શકશે.

(૨) ઉમેદવારે નિયત અરજીપત્રકમાં ભરેલી વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે. અને તેના પુરાવાઓ (અસલ અને પ્રમાણિત નકલ) આ ખાતા દ્વારા જ્યારે માંગવામાં આવે ત્યારે જે તે સ્થળે અને સમયે સ્વ-ખર્ચે રૂબરૂ રજુ કરવાના રહેશે. અન્યથા અરજી પત્રક જે તે તબક્કે રદ કરવામાં આવશે.

(૩) શારિરીક અશક્તતા ધરાવતા ઉમેદવારે ઓનલાઇન અરજીફોર્મમાં અંગત માહિતી કે વિગતોમાં પોતાની અશક્તતાની ટકાવારી દર્શાવવાની રહેશે. તથા ઉમેદવારો સ્વતંત્ર રીતે વર્ગ શિક્ષણ કાર્ય કરી શકવા સક્ષમ હોવા જોઇશે.

(૪) અનામત કેટેગરીના તમામ ઉમેદવારોના કિસ્સામાં જાતિનું પ્રમાણપત્ર, વયમર્યાદા, શૈક્ષણિક લાયકાત, વધારાની લાયકાત, અનુભવ અને લાગુ પડે ત્યાં નોન ક્રિમિલિયર સર્ટીફિકેટ જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખની સ્થિતિએ ધ્યાનમાં લેવામાં આવશે.

(૫) આ જાહેરાત અન્વયે જો એક થી વધુ ગ્રુપમાં અરજી કરવી હોય તો ગ્રુપવાઇઝ અલગ અલગ અરજી કરવાની રહેશે. અને અરજી ફી પણ અલગ ભરવાની રહેશે.

(૬) આ સંવર્ગની ભરતી પ્રક્રિયામાં આખરી પસંદગી પામેલ ઉમેદવારની નિમણૂંક સત્તાધિકારી ઠરાવે તે શરતોને આધિન નિમણૂંક મેળવવાને પાત્ર ઠરશે.

(૭) ઉમેદવાર પોતે આખરી પસંદગી યાદીમાં સમાવિષ્ટ થવા માત્રથી સંબંધિત જગ્યા ઉપર નિમણૂંક કરવાનો દાવો કરવાને હકકદાર થશે નહિ. નિમણૂંક કરનાર સત્તાધિકારીને પોતાને એવી ખાતરી થાય કે જાહેર સેવા સારૂ તે ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો ૧૯૬૭ થી ઠરાવેલ નિયમોનુસાર અને આ જગ્યાના પ્રવર્તમાન ભરતી નિયમો અનુસાર યોગ્ય જણાતો નથી, તો જે તે તબકકે આવા ઉમેદવારને તેની નિમણૂંક બાબતે નિમણૂંક સત્તાધિકારીનો નિર્ણય આખરી ગણાશે.

(૮) આ ભરતી પ્રક્રિયા સંપુર્ણપણે જે તે સંવર્ગના પ્રવર્તમાન ભરતી નિયમોને આધિન રહેશે.

(૯) અનુભવ મેળવેલ હોય તે પ્રત્યેક પ્રમાણપત્રમાં હોદ્દો, મળતો પગાર, અનુભવનો સમયગાળો દર્શાવેલ હોવો જોઇશે. વળી અનુભવ જગ્યાને અનુરૂપ છે કે કેમ તે અંગે પસંદગી સમિતિનો નિર્ણય આખરી ગણાશે. નિયત શૈક્ષણિક લાયકાત પ્રાપ્ત કર્યા બાદનો જ અનુભવ ધ્યાને લેવામાં આવશે. પાર્ટટાઇમ કે આંશિક અનુભવ માન્ય રહેશે નહિ.

(૧૦) આ જાહેરાત કોઇપણ કારણોસર રદ કરવાની કે તેમાં ફેરફાર કરવાની કે જગ્યાઓની સંખ્યા માં વધ ઘટ કરવાની આવશ્યકતા ઉભી થશે તો તેમ કરવાનો ખાતાને સંપુર્ણ હકક/અધિકાર રહેશે અને આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહિ. તેમજ તેવા સંજોગોમાં ભરેલ અરજી અને પરીક્ષા ફી પરત મળવાપાત્ર થશે નહીં.

(૧૧) આ અંગેનું ઓન લાઇન અરજીપત્રક વેબસાઇટ ***http://ojas.guj.nic.in*** અથવા ***http://ojas1.guj.nic.in*** ઉપર ઓનલાઇન ભરવાનું રહેશે. ઓનલાઇન અરજી ફોર્મ કોઇપણ કોમ્પ્યુટર કે જેની સાથે ઇન્ટરનેટ સુવિધા ઉપલબ્ધ હોય તે ઉપરથી ભરી શકાશે. ઇ-ગ્રામ કેન્દ્રમાં પણ ફોર્મ ભરવાની સુવિધા ઉપલબ્ધ હોય છે.

(૧૨) અરજીપત્રક ભરતાં પહેલા વેબસાઇટ ઉપર મુકવામાં આવેલ ઉમેદવાર માટેની સુચનાઓ અને ઓનલાઇન અરજીપત્રક ભરવા બાબતની સૂચનાઓનો કાળજીપૂર્વક અભ્યાસ કરવા વિનંતી છે અને ત્યારબાદ જ ઓનલાઇન અરજીપત્રક ભરવુ.

(૧૩) ટપાલ કે કુરીયર મારફતે મોકલાવેલ અરજીફોર્મ રદ થયેલા ગણાશે. તેમજ ફી પરત મળશે નહીં.

**(૧૪) આ ભરતી નામદાર સુપ્રિમ કોર્ટમાં દાખલ કરવામાં આવેલ એસ.એલ.પી. નં.૧૪૧૨૪-૧૪૧૨૫/ ૨૦૧૨ ના આખરી ચુકાદાને આધિન રહેશે.**

(૧૫) અરજી કરવાની રીતઃ-

આ જાહેરાતના સંદર્ભમાં સમિતિ દ્વારા ***http://ojas.guj.nic.in*** અથવા ***http://ojas1.guj.nic.in*** વેબ સાઇટ મારફત કરેલ ઓન લાઇન અરજી જ સ્વીકારવામાં આવશે. ઉમેદવાર જાહેરાતમાં દર્શાવ્યા તા. ૨૫/૧૦/૨૦૧૩ (૧૪.૦૦કલાક) થી તા.૨૬/૧૧/૨૦૧૩(રાત્રિના ૨૩.૫૯ કલાક) દરમ્યાન વેબસાઇટ ***http://ojas.guj.nic.in*** **અથવા** ***http://ojas1.guj.nic.in*** પર અરજી પત્રક ભરી શકશે. ઉમેદવારે

સૌ પ્રથમ કોમ્પ્યુટરમાં ઇન્ટરનેટમાં વેબસાઇટ ***http://ojas.guj.nic.in*** અથવા ***http://ojas1.guj.nic.in*** પર જવું અને તેમાં નીચે જણાવેલ પગથિયા (સ્ટેપ્સ) ને અનુસરીને અરજી પત્રક ભરવું.

(૧) Apply online પર Click કરવું. (૨) જગ્યા પર Click કરવાથી જગ્યાની વિગતો મળશે. (૩) તેની નીચે Apply now પર Click કરવાથી Application Format દેખાશે. Application Format માં સૌપ્રથમ Personal Details ઉમેદવારે ભરવી. અહીં લાલ (*) કુંદડી નીશાની હોય તેની વિગતો ફરજીયાત ભરવાની રહેશે. (૪) Personal Details ભર્યા બાદ Educational Details ભરવા માટે Educational Detail પર Click કરવું. (૫) જો ઉમેદવારનેલાગુ પડતુ હોય તો અનુભવની વિગતો Experience Details માં ભરવાની રહેશે. (૬) તેની નીચે Self Declaration માં Yes / No પર Click કરવું. (૭) હવે Save પર Click કરવાથી તમારી અરજીનો Online સ્વીકાર થશે અને નંબર ક્રિએટ થશે. જે ઉમેદવારે સાચવીને રાખવાનો રહેશે. અને હવે પછી આ જાહેરાતના સંદર્ભમાં કોઇપણ પત્ર વ્યવહારમાં દર્શાવવાનો રહેશે. (૮) હવે પેજના ઉપરના ભાગમાં Up Load Photo પર Click કરો અહીં તમારો Application number type કરો અને તમારી Birth Date type કરો અને ત્યાર બાદ OK પર Click કરો. અહીં Photo અને Signature Up Load કરવાના છે. (ફોટાનું માપ ૫ સે.મી. ઉંચાઇ અને ૩.૬ સે.મી. પહોળાઇ અને Signature નું માપ ૨.૫ ઉંચાઇ અને ૭.૫ સે.મી. પહોળાઇ રાખવી.) Photo અને Signature Up load કરવા સૌપ્રથમ તમારો Photo અને Signature JPG Format માં ( 15 K.B ) સાઇઝ થી વધારે નહીં. તે રીતે Computer માં હોવો જોઇએ. Browse button પર Click કરો અને

Choose File ના સ્ક્રિન માંથી જે ફાઇલમાં JPG Format માં તમારો Photo Store થયેલ છે તે ફાઇલને સિલેકટ કરો અને Open Button ને Click કરો હવે Browse Button ની બાજુમાં Up Load Button પર Click કરો. હવે બાજુમાં તમારો Photo દેખાશે. હવે આજ રીતે Signature પણ Up Load કરવાની રહેશે.
(૯) હવે પેજના ઉપરના ભાગમાં Confirm Application પર Click કરો અને Application Number તથા Birth Date Type કર્યા બાદ OK પર Click કરવાથી બે (૨) બટન ૧: Application Preview ૨: Confirm Application દેખાશે. ઉમેદવારે Show Application Preview પર Click કરી પોતાની અરજી જોઇ લેવી. અરજીમાં સુધારો કરવાનો જણાયતો Edit Application પર Click કરીને સુધારો કરી લેવો. અરજી Confirm કર્યા પહેલાં કોઇપણ પ્રકારનો સુધારો અરજીમાં કરી શકાશે. પરંતું અરજી Confirm કર્યા બાદ અરજીમાં કોઇપણ સુધારો થઇ શકશે નહીં. જો અરજી યોગ્ય જણાય તો જ Application પર Click કરવું. Confirm Application પર Click કરવાથી ઉમેદવારની અરજીનો On line સ્વીકાર થઇ જશે. અહીં Confirm Number Generate થશે. જે હવે પછીની બધીજ કાર્યવાહી માટે જરૂરી હોઇ ઉમેદવારે સાચવવાનો રહેશે. Confirm Number સિવાય કોઇપણ પત્રવ્યવહાર કે પરીક્ષાને લગતી કોઇપણ કાર્યવાહી કરી શકાશે નહીં.
(૧૦) હવે Print Application પર Click કરવું અહીં તમારો Confirm Number Type કરવાનો અને Print પર Click કરી અરજીની નકલ કાઢી સાચવી રાખવી અને સાથે સાથે Print Challan Button પર Click કરી Challan ની નકલો કાઢી લેવી. ચલણની એક પાનામાં ત્રણ નકલો નીકળશે જે ચલણ નજીકની કોમ્પ્યુટરાઇઝડ પોષ્ટ ઓફીસમાં રજુ કરી અરજી ફી ભરપાઇ કરવાની રહેશે.
(૧૧) અરજી Confirm થયેથી તુરતજ આપને અરજીમાં દર્શાવેલ મોબાઇલ નંબર ઉપર SMS મળશે. આ ઉપરાંત પોસ્ટ ઓફિસ દ્વારા ફી સ્વીકાર્યાની જાણ કરતો SMS પણ મળશે.

આ જાહેરાતમાં દર્શાવેલ જગ્યાના ભરતી નિયમો અન્વયે શૈક્ષણિક લાયકાત, વય મર્યાદા, વયમર્યાદામાં છુટછાટ, પરીક્ષા ફી અને પરીક્ષા અને પસંદગીની પધ્ધતિની વિગતો અને જાહેરાતની અન્ય તમામ વિગતો ***http://ojas.guj.nic.in*** અથવા ***http://ojas1.guj.nic.in*** ઉપર જોવા મળશે. ઉમેદવારે ઓન લાઇન અરજી પત્રકમાં બતાવેલી કોઇપણ વિગત અને ઉમેદવારે નિમણુંક સત્તાધિકારી સમક્ષ રજુ કરેલ જન્મતારીખ , શૈક્ષણિક લાયકાત , વય , જાતિ અન્ય લાયકાતો ને લગતા પ્રમાણપત્રો ભવિષ્યમાં જે તે તબક્કે નિમણુંક અધિકારી દ્વારા ખોટા માલુમ પડશે તો તેની સામે યોગ્ય કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. આવા ઉમેદવારોની ઉમેદવારી નિમણુંક સત્તાધિકારી / સમિતિના પરામર્શમાં **રદ** કરવામાં આવશે તેમજ ઉમેદવારને ગેરલાયક ઠરાવવામાં આવશે.

તેમજ આવા ઉમેદવારની જો પસંદગી / નિમણુંક થયેલ હશે તો સંબંધિત કચેરી દ્વારા પસંદગી સમિતિના પરામર્શમાં કોઇપણ તબક્કે **રદ** કરવામાં આવશે. આ સંવર્ગની સીધી ભરતી પ્રક્રિયા સંપુર્ણ પણે ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો ૧૯૬૭ વખતો વખત સુધાર્યા મુજબ અને તે અન્વયે આ સંવર્ગના ઘડવામાં આવેલ ભરતી /પરીક્ષા નિયમો ને આધિન રહેશે.

આ જગ્યાની ભરતી પ્રક્રિયાના અનુસંધાને આ જાહેરાતમાં કોઇપણ કારણોસર ફેરફાર કરવાની કે **રદ** કરવાની આવશ્યકતા ઉભી થાય તો તેમ કરવાનો પસંદગી સમિતિને સંપુર્ણ હક્ક / અધિકાર રહેશે. અને પસંદગી સમિતિ આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહીં.

ઉમેદવારને ઓન-લાઇન અરજી કર્યા બાદ જાહેરાત સંબંધી અન્ય કોઇ સુચના માટે ***www.talimrojagar.org*** અથવા ***http://ojas.guj.nic.in*** અથવા ***http://ojas1.guj.nic.in*** વેબસાઇટ સતત જોતા રહેવા અનુરોધ છે.

------------Sd----------
સભ્ય સચિવ ,
પસંદગી સમિતિ અને સંયુક્ત નિયામક
કમિશનર, રોજગાર અને તાલીમની કચેરી,
ગુ.રા. ગાંધીનગર.

તારીખઃ- ૨૨/૧૦/૨૦૧૩.
સ્થળઃ- ગાંધીનગર